# पुष्पवतीविचार

तथा

# सूतकविचार.

श्री जैन पोरवाल प...
जैन ज्ञान भंडार
मु० बाडीब (राज०)

संग्रहकर्ता

## श्रा. खीमजी भीमसिंह माणेक.

आ ग्रंथने यथाशक्ति शुद्ध करावी तेनी बीजी आवृत्तिमां प्रथम सझायना भावार्थनो तथा शील पालवाना बोलोना संग्रहनो वधारो करी छपावी प्रसिद्ध करनार

**श्रावक भीमसिंह माणेक,**

जैनपुस्तको प्रसिद्ध करनार तथा वेचनार.

मांडवी, शाकगल्ली—मुंबइ.

वीर संवत् २४४२ विक्रम संवत् १९७२ सने १९१६.

# जैनोपयोगी अति उत्तम ग्रंथो.

| | | | |
|---|---|---|---|
| प्रकरण रत्नाकर भाग १ लो | .... | ... | ५-८-० |
| प्रकरण रत्नाकर भाग ७ मो | .... | ... | ७-०-० |
| जैनकथारत्नकोष भाग १ लो | .... | .... | २-८-० |
| जैनकथारत्नकोष भाग २ जो | .... | .... | २-४-० |
| जैनकथारत्नकोष भाग ४ थो | .... | .... | ३-०-० |
| जैनकथारत्नकोष भाग ६ ठो | .... | .... | २-८-० |
| जैनकथारत्नकोष भाग ७ मो | .... | .... | ३-४-० |
| जैनकथारत्नकोष भाग ८ मो | .... | .... | ३-०-० |
| जैनतत्त्वादर्श हिंदी भाषांतर | .... | .... | ५-०-० |
| जैनतत्त्वादर्श गुजराती भाषांतर | .... | .... | ४-०-० |
| पांडवचरित्र रंगीन चित्र सहित | .... | .... | ५-०-० |
| वैराग्यकल्पलता भाषांतर | .... | .... | ३-०-० |
| अज्ञानतिमिरभास्कर | .... | .... | २-८-० |
| सुक्तमुक्तावली अनेक कथाओ युक्त | | .... | २-८-० |
| हरिभद्रसूरिकृत बत्रीश अष्टक | .... | .... | १-१२-० |
| जैनकुमारसंभव महाकाव्य | .... | .... | १-१२-० |
| शत्रुंजयमाहात्म्य भाषांतर | .... | .... | २-४-० |
| अध्यात्मसार प्रश्नोत्तर ग्रंथ. | .... | .... | २-०-० |
| जंबूस्वामी चरित्र कथाओ युक्त | .... | .... | ०-९-० |
| वर्धमान देशना शास्त्री | .... | .... | २-८-० |
| चंद राजानो रास अर्थ तथा चित्र साथे | | ... | ४-०-० |
| समरादित्य केवलीनो रास | .... | .... | ३-८-० |
| श्रीपाल राजानो रास .... | .... | .... | २-४-० |

# प्रस्तावना.

आ जगतमां समस्त प्राणीमात्रने त्राणभूत, शरणभूत, आ भव तथा परभवमां हितकारी, सुखकारी, कल्याणकारी ने मंगलकारी एवां त्रण तत्त्व छे. तेनां नाम कहे छे. एक तो देव श्रीअरिहंतजी, बीजा गुरु सुसाधु तथा त्रीजो धर्म ते श्रीकेवलिभाषित. ए त्रण तत्त्व छे, तेने आराधवानुं मुख्य कारण अनाशातना छे, अने एने विराधवानुं मुख्य कारण आशातना छे. ते आशातना पण विशेषे करी अशुचिपणा थकी थाय छे. ते अशुचि वली बे प्रकारनी छे एक तो द्रव्य थकी अशुचि, बीजी भाव थकी अशुचि जाणवी.

तेमां भाव अशुचि कार्यरूप छे, अने द्रव्य अशुचि तेना कारणरूप छे. कारणथी कार्य थाय छे, ए वात सर्व शास्त्रोमां प्रसिद्ध छे, तो अहीं भाव अशुचि जे छे, ते अशुद्ध लेश्या तथा अशुद्ध मनादिकना योग अने कषायादिकनी छे, केमके ए अशुद्ध लेश्यादिकनां जे पुद्गलो छे ते केवां छे? तो के श्वान, सर्प, अश्वादिक मरण पामेलां जे पशुउ तेमनां

सडी गयेलां कलेवरमां जे डुर्गंध होय वे, ते करतां पण अनंतगणी डुर्गंध ए अशुद्ध लेश्यादिकनां पुज्ञलोमां कहेल वे; ए वात श्री उत्तराध्ययन तथा ज्ञगवती प्रमुख सूत्रोमां प्रसिद्ध वे.

हवे अशुद्ध लेश्यादिक थकी ब्याशी पापप्रकृति बंधाय वे, ते पण अशुचिज जाणवी; कारण के अशुचिरूप कारणथी कार्य पण अशुचि थाय वे, एटले अशुचिरूप कर्म बंधाय वे, अने ते थकी नरकादिकनी गति जीवने प्राप्त थाय वे. एम कारणे कार्य थाय वे.

हवे ए पूर्वोक्त जे ज्ञाव अशुचि वे, तेनी मूलोत्पत्ति ड्रव्य अशुचि थकी थाय वे; कारण के ड्रव्य ते ज्ञावनुं कारण वे, माटे प्रथम ड्रव्य थकी अशुचि टालवा विषे प्राणीमात्रने यत्न करवानी घणीज जरुर वे. ते ड्रव्य अशुचिना अनेक प्रकार वे, तेनो अधिकार श्रीठाणांग प्रमुख सूत्रोने विषे ज्यां असऊायनो विवरो कस्यो वे त्यांथी जाणी लेवो.

हवे ते समस्त असऊायमां मोटी असऊाय तथा समस्त अशुचिमां मोटी अशुचि अने समस्त आशातनाउंमां शिरोमणीज्ञूत आशातना तेमज सर्व पापबंधननां कारणोमां महत् पाप उपार्जन करवानुं

मुख्य कारण तो स्त्रीउंने जे ऋतु प्राप्त थाय छे, अर्थात् जे पुष्पवती कहेवाय छे, एटले स्त्रीउंने अटकाव अथवा कोरे बेसवानुं थाय छे अने जेने लोकोक्तिए ऋतुधर्म कहे छे, ते ऋतुधर्म यथार्थपणे न पालवा विषेनुं छे.

ते विषेनो सर्व जनोने बोध थवा सारु संक्षेपमात्र शास्त्रोमांथी सार लइने पुष्पवती स्त्रीए केवी रीते वर्तवुं ते संबंधीना अधिकारनी बे सज्झायो जे पूर्वे लोकोपकारने अर्थे कोइ महापुरुषोए बनावेली छे ते तथा एज विषय संबंधी सिद्धांतोक्त छ गाथाउं तथा असज्झाइना अटकाव संबंधीनी सज्झाय, ए रीते बधा मलीने चार ग्रंथोनो समावेश करीने आ पुस्तक अमोए छपाव्युं छे. तो आ ग्रंथमां करेला उपदेश प्रमाणे जे पुष्पवती स्त्रीउं पोते प्रवर्तशे, बीजाने प्रवर्तावशे तथा प्रवर्तनारने सहाय आपशे, तेने अत्यंत लाभ थशे, अने तेने परंपराए मोक्षसुखनी प्राप्ति पण अवश्य थशे.

जे प्राणी आ ग्रंथमां करेला उपदेशथी विपरीत प्रवृत्ति करशे, अथवा ए वातमां शंका कांक्षा करशे, ते प्राणीनी लक्ष्मी तथा बुद्धिनो आ भवमां नाश

थशे, अने सम्यक्त्व तो तेमां होयज क्यांथी? अर्थात् नज होय. तेना घरना अधिष्ठायिक देवो तेने मूकी जशे, अने ते जीव मिथ्यादृष्टि, अनंत संसारी, दुराचारी तथा कदाग्रही जाणवो, केमके एम कर्या थकी देव, गुरु तथा धर्मनी मोटी आशातना थाय छे, ते वात आ ग्रंथ वांचवा थकी विवेकी जनोना ध्यानमां तरत आवशे.

वली हालमां विषम कालने विषे धूम्रकेतु ग्रहना प्रजाव थकी अत्यंत जड बुद्धिने धारण करनारा जिनप्रतिमाना द्वेषी छे. वली आवी रीते प्रतिकूलपणे प्रवृत्ति करनारा लोको एम कहे छे के गुंबडा फूट्यानी माफक अथवा अन्य कोइ शरीरमां विकार थाय तेनी पेरे ऋतुवंती स्त्रीने अडकवाथी कांइ पण अशुचिपणुं प्राप्त थतुं नथी, कारण के शरीरनी मांहेली कोरे पण अशुचि जरेलीज छे, एवुं तेउनुं बोलवुं अयोग्य छे; कारण के गुंबडा विगेरे जे फूटे छे तेने पण असझाइ श्रीठाणांग प्रमुख सूत्रने विषे कहेलीज छे, अने शरीरनी अच्यंतर जे अशुचि कहेवाय छे, ते तो शरीर उपरथी मोहनो परित्याग करवाने अर्थे जावनारूप

बे, पण ए रक्तादिक जे बे ते शरीरथी बहार नीकल्या विना एने अशुचि कहेवायज नहीं एवो नियम बे, कारण के श्रीपन्नवणाजी उपांगमां शरीर थकी बाहिर अशुचि नीकल्या पबी तेमां चौद प्रकारना अशुचिस्थानीया जीवो उत्पन्न थाय बे, परंतु ते जीवो शरीरमां अशुचि रह्या थकी उत्पन्न थताज नथी. ए उपरथी स्पष्ट देखाय बे के शरीरनी अंदरनी अशुचि कहेवायज नहीं.

ऋतुवंती स्त्रीना रुधिरनी जे अशुचि बे, ते अत्यंत उष्टताना विकारने धारण करनारी बे, कारण के शरीर संबंधी लघुनीति, वमीनीति, थुंक, श्लेष्म, रुधिर विगेरे जे अशुचिउ बे, तेमां पण परस्पर घणो तफावत बे. तेम ऋतुवाली स्त्रीनी अशुचि बे ते बीजी अशुचि करतां अत्यंत विशेष अशुचिमय बे. जेम सर्पादिक ऊेरी जनावरोना मुखमां ऊेर तो थाय बे, परंतु कोइकना करमवाथी तरत माणस मरणदशाने प्राप्त थाय बे, अने कोइकना करमवाथी तेने क्वचित् पीमा थाय बे, पण तेथी कशी हरकत थती नथी, एवी तारतम्यता बे. वली श्री ठाणांग तथा जगवती प्रमुख सूत्रोमां एवुं पण

कहेलुं छे के मनुष्यनुं उत्कृष्ट छेर जे छे ते छेरनां पुद्गल अढीद्वीप प्रमाणे छे अने जघन्य थकी तो अनेक प्रकारे छे.

ए रीते जेम छेरनां पुद्गलमां तारतम्यता छे, तेम अशुचिनां पुद्गलमां पण तारतम्यपणुं छे. ते कारणे पूर्वोक्त छेरने दृष्टांते पुष्पवती स्त्रीनी अशुचिनां जे पुद्गल छे, ते सर्वोत्कृष्ट अशुचिमय जाणवां. एथी समस्त शुभ लक्षण तथा शुभ गुणोनो नाश थाय छे, माटे अशुचि अवश्य टालवी.

विशेष[१] नवी आवृतिमां प्रथम सज्झायनो भावार्थ तेमज बीजो केटलोएक सुधारो वधारो करी छपावेल छे. आ ग्रंथनी अंदर शास्त्रविरुद्ध छपायुं होय तो तेनी श्री समस्त संघ पासे क्षमा चाहीए छीए.

ली. प्रकाशक.

---

१ " आ ग्रंथमां कहेली हकीकत यथार्थ ने शास्त्रोक्त छे एम अमो खात्रीथी कही शकता नथी."

श्रीगौतमगुरुज्यो नमः

## ॥ अथ रुतुवंती स्त्रीनी सज्झाय प्रारंजः ॥

रुतुवंती नारीउं परिहरे रे, बीजे वस्त्रे न अरुके ॥
सांजे रात्रे नारी मत फरो रे, मत बेसजो तरुके ॥ १ ॥

अर्थात् जेने रजस्वला प्राप्त थइ होय अथवा जे बाइने दूर बेसवानुं प्राप्त थयुं होय तेमणे नीचेनी बाबतोनो त्याग करवो. पोते जे वस्त्र पहेर्युं होय ते सिवायना बीजा वस्त्रने अरुकवुं नहीं तेमज सायंकाले अने रात्रीए एवी नारीउंए बहार फरवा नीकलवुं नहीं, अने दिवसना जागमां तरुके पण न बेसवुं.

मत जालवी नार मालनी रे, ढांरुवां धर्मठाम ॥
प्रजु दर्शन पूजा सद्गुरु रे, वांदवा तजो नाम ॥ २ ॥

मालणने जोवी नहीं अने धर्मस्थानकोमां जवुं आववुं नहीं, कारण के तेथी आशातना थाय. प्रजुनां दर्शन करवां, प्रजुनी पूजा करवा देरासरे जवुं अने सद्गुरुने वांदवा उपाश्रयमां जवुं ए सर्व बाबतोनो रुतुवंती बाइने माटे निषेध करवामां आव्यो छे.

पडिक्कमणुं पोसह सामायिक रे, देववंदन माला ॥
जलसंघ ने रथजातरा रे, दर्शन दोष टाला ॥ ३ ॥

पडिक्कमणुं, पोसह, सामायिक तथा देववंदन पण ते दिव-

सोमां आवी बाइऊने माटे निषिद्ध छे तेमज जन्नयात्राना वरघोमामां के रथयात्राना वरघोमामां जाग लेवो ए पण ऋतु-वंती बाइऊने माटे नकामां पापनां जातां बांधवा जेवुं छे.

**रास वखाण धर्मकथा रे, व्रत पच्चरकाण मेलो ॥**
**स्तवन सझाय रास गहुंअली रे, धर्मशास्त्र म खेलो ॥४॥**

ज्यां रास वंचातो होय, व्याख्यान चालतुं होय तथा धर्मकथा थती होय त्यां पण न जवुं. व्रत पच्चरकाण पण ते दिवसे न करवां, अने स्तवन, सझाय, रास तथा गहुंली अने धर्मशास्त्र पण वांचवां नहीं.

**लखणुं लखे नहीं हाथशुं रे, न करे धर्मचर्चा ॥**
**धूप दीवो गोत्रझारणां रे, नहीं पूजा ने अर्चा ॥ ५ ॥**

ऋतुवंती बाइऊ हाथथी कांइ लेखनकार्य करी शके नहीं, तेमज धर्मचर्चा करवानी पण मनाइ करवामां आवी छे. धूप, दीवो तथा गोत्रने झारवां विगेरे धर्मकर्मो पण परिहरवां जोइए. पूजा अने अर्चामां पण जाग न लेवो.

**संघ जिमण प्रज्ञावना रे, हाथे देजो म लेजो ॥**
**बलिदान पूजा प्रतिष्ठानुं रे, मत रांधीने देजो ॥ ६ ॥**

ज्यां संघ जमतो होय, प्रज्ञावना थती होय, त्यां जवुं नहीं, अने हाथथी कांइ आपवुं के लेवुं नहीं. पूजा प्रतिष्ठा माटे रसोइ रंधाती होय अथवा निर्दोष बलिदाननी रसोइ माटे तैयारीऊ थती होय त्यां न जवुं अने पोताना हाथथी कांइ रांधी न आपवुं.

पूर्वज पाणी न नामीये रे, देव देवी हनुमान ॥
फल फूल तेल सिंदूर तजो रे, धन धान सुदान ॥ ७ ॥

केटलीक बाइओ पूर्वजोने पाणी पहोंचाडवा वटवृक्षने पाणी पाय छे, ते पण करवुं नहीं. देव, देवीओ अने हनुमान आदि देवोने फल, फूल के सिंदूर चडाववा जवुं नहीं. धन धान्यनुं सुदान पण पोताना हाथे न आपवुं.

भणवुं गणवुं न वांचवुं रे, भोजन पाणी न पावुं ॥
लग्न विवाह सीमंतनां रे, गीत गावा न जावुं ॥ ८ ॥

रजस्वलाना दिवसोमां भणवा गणवानुं तथा वांचवानुं पण बंध राखवुं. कोइने भोजन पीरसवुं नहीं तथा हाथेथी पाणी पण न आपवुं. जे स्थले लग्न के विवाह थतो होय तथा सीमंतनो उत्सव थतो होय ते स्थले पण गीत गावा न जवुं.

धान्य सोझे नवि झाटके रे, रांधणुं ते केम रांधे ॥
दलवुं न खांडवुं भरडवुं रे, कर्म कठणशुं बांधे ॥ ए ॥

धान्यने झाटकवुं तथा धान्यमांथी कांकरा वीणवानुं काम पण तेटला दिवसो सुधी तजी देवुं. ज्यारे धान्यने झाटकवानी तथा सोवानी मनाइ करी छे, तो पछी रांधणुं तो रंधायज केम ? अर्थात् रजस्वला बाइए रांधवा सींधवानुं काम न करवुं, तेमज काचा धान्यने पण स्पर्श न करवो. दलवानुं, खांडवानुं तथा भरडवानुं काम जे बाइ आ दिवसोमां करे छे ते बहु कठिन कर्मो उपार्जे छे.

**शाक नीलुं मत मोलजो रे, फल फूल चुलचाक ॥**
**राइतानी राइ वाटे नहीं रे, मूली औषध पाक ॥१०॥**

ऋतुवंती बाइए लीलुं शाक समारवा बेसवुं नहीं. फल, फूलने स्वच्छ करवा पण न बेसवुं. राइता माटे राइ वाटवी तथा औषध के पाक तैयार करवा माटे जेसमीयां खांमवां ए पण निषिद्ध छे.

**खांम साकर गोल दुध दहीं रे, घृत तैल सुखमीजं ॥**
**खटरसने मत फरसजो रे, वली धसाणुं नमीजं ॥ ११ ॥**

खांड, साकर, गोल, दुध, दहीं अने घी, तेल तथा सुखमीनो स्पर्श न करवो. तीखुं, खारुं, गल्युं, कमवुं विगेरे षट्‌ रसोने पण अमवुं नहीं. ते सिवाय तेनां जे पक्वान्न थतां होय तेनो स्पर्श न करवो जोइए.

**पमिलाजे नहीं साधु साधवी रे, वस्त्र पात्र अनुपान ॥**
**रांक ब्राह्मणने हाथे आपे नहीं रे, दाणा लोटने दान १२**

साधु के साध्वी वहोरवा आवे तो ऋतुवंती बाइए तेमने पोताना हाथथी वहोराववुं नहीं. साधु, साध्वीने वस्त्र, पात्र के अनुपाननी सामग्री पण स्वहस्ते वहोरावी न शके एटलुंज नहीं, पण गरीब ब्राह्मण आंगणे मागवा आवे तो तेने पण दाणा, लोट के एवुं बीजुं कांइ दान आपी शके नहीं.

**गाय जेंस ढोर दोवा ने बांधवा रे, छाण वासीदुं हाथे ॥**
**छाश वलोणुं माखण तजो रे, अथाणुं नवि ते आथे १३**

गाय अथवा जेंसने दोवां तेमज बांधवां नहीं. ऋतुवंती

बाइए पोताना हाथे छाण के वासीदुं पण न करवुं. छाश वलो-
ववानुं के माखण करवानुं पण तजवुं. तेमज अथाणुं करवानुं
होय ते पण न करवुं.

**जल भरवाने जावे नहीं रे, छांडे गार ने माटी ॥**
**छाम उटकंता दोष उपजे रे, वढवारु मेलो घाटी॥१४॥**

पाणी भरवा जवुं नहीं. लींपण गुंपणनुं काम पण एवी
बाइथी थइ शके नहीं. एठां वासणो मांजवाथी पुष्पवंती बाइ
दोषमां भराय छे. आवा दिवसोमां कोइनी साथे गाढ क्लेश
कंकास पण न करवो.

**भरत चित्रामण मत भरो रे, रंगराग मत करजो ॥**
**जोणुं रोणुं वगोणुं सदा रे, तमे जोवाने वरजो ॥ १५ ॥**

भरत के चित्रामणनुं काम पण ऋतुवंती नारीउए परिहरवुं.
ज्यां उत्सव--आमोद थतो होय, किंवा ज्यां रंग-राग चालतो
होय त्यां न जवुं. तेमज जोणुं, रोणुं अने वगोणुं ए हमेशां
ऋतुवंती बाइए तजवां जोइए.

**पापरु वरुी ने सीधावरुी रे, भली खांड विखेरो ॥**
**शेव सुंवाली ने फाफरुा रे, वणतां दोष घणेरो ॥१६॥**

विवाहप्रसंगे अथवा एवाज बीजा उत्सवसमये बाइउ
पोतपोतानां सगावालांउमां पापरु, वडी, सीधावरुी तथा
शेव, सुंवाली अने फाफरुा वणवा जाय छे, तेम ऋतुवंती स्त्री-
उए जवुं नहीं; कारण के एवी अवस्थामां शेव विगेरे वणवामां
घणो दोष शास्त्रोमां कह्यो छे.

सांधण सुंधण शीवणुं रे, म करो जोइ विचारी ॥
ढोर खाण बाफवा मत मेलजो रे, रमत बाजी निवारी १७

शीववुं सांधवुं पण पुष्पवंती बाइओए परिहरवुं. जाणी जोइने एवा दोषमां भरावुं नहीं. ढोरने माटे जे खाण बाफवामां आवे छे ते पण न बाफवुं अने बीजी रमतो पण त्यजी देवी.

परघर जमवा उजमे रे, मत बेसजो पांते ॥
हाथे भोजन पीरसे नहीं रे, न करे गोष्ठि एकांते १८

उत्सव दरमियान कोइने त्यां जमवानुं होय त्यां बधी बाइओ एक पंक्तिए बेठी होय तेमनी साथे ऋतुवंती स्त्रीए अमीने बेसवुं नहीं. ऋतुवंती बाइ पोताना हाथे कोइने पीरसे पण नहीं तेमज कोइनी साथे एकांतमां वार्तालाप पण न करे.

दातण अंजन विलेपने रे, वस्त्राभरण स्नान ॥
दर्पण फूल भोजन राते रे, पाणी मेलजो पान ॥१९॥

दातण, अंजन, सुगंधी द्रव्योनुं स्वशरीरे विलेपन, स्नान तथा सुंदर वस्त्राभरण न करे, कारण के ए बधा शृंगारो छे, अने ते आवा अवसरे सजवा ए अयोग्य छे. दर्पणमां मुख जोवुं, फुलनी माला धारण करवी, रात्रीए आहार करवो तेमज पाणी पीवुं विगेरे त्याज्य छे.

छडीयाल दाल तुम मत करो, मत बेसजो हिंडोले ॥
धाणी दालीया म शेकजो रे, मुख म भरो तंबोले २०

दालने ठरूवामां आवे छे, अथवा तो दालने फोतरांथी मुक्त करवामां आवे छे, ते कार्य पण रजस्वलाप्राप्त बाइए न करवुं. हिंमोले बेसवानी पण मनाइ छे. तंबोल खावुं के धाणी झालीया शेकवा ए पण अविधेय छे.

**खत पत्र हुंडी न वांचवी रे, नामुं लेखुं न सूझे ॥**
**हसवुं न बोलवुं दोमवुं रे, पुष्ट आहार न जुंजे ॥२१॥**

खत पत्र के हुंमी वांचवी नहीं. तेमज नामुं लेखुं करवानुं पण काम न करवुं. हसवुं, बोलवुं तथा दोमवुं विगेरे कर्मों पण परिहरवां. पौष्टिक आहार न करवो.

**धातुपात्रे जोजन तजो रे, माटी काष्ठ पाषाण ॥**
**जोयण सोयण तेहमां रे, खाट पाट म जाण ॥२२॥**

धातुपात्रमां जोजन करवुं नहीं. माटीनुं, लाकमानुं के पाषाणनुं पात्र होय तो तेमां जोजन करीने पात्र क्यांइ परठवी देवुं. विचार करतां एम लागे छे के धातुपात्र प्राणने संग्रही शकवानी शक्ति धरावे छे अने तेमां आकर्षक गुण रहेलो छे, तेथी तेमां जोजन करवानी ऋतुवंती बाइने मनाइ करवामां आवी हशे. सूवुं होय तो जोंय ऊपर सूवुं, तेमां पण खाट पाटनो त्याग करवो.

**बुंदकावो तमे मत पीयो रे, मत द्यो हाथ ताली ॥**
**रासमंमल मत खेलजो रे, नारी होय धर्मवाली ॥२३॥**

ऋतुवंती बाइए बुंदनो कावो करीने पीवो नहीं. अर्थात् जेटलां उत्तेजक पीणांउ छे ते वर्जवां. परस्पर हाथनी ताली देवी

नहीं तेमज लेवी पण नहीं. रासमंडल के ज्यां अनेक स्त्रीउं मलीने रास रमे छे तेमां भाग लेवा न जवुं.

**साजन आवे मलो नहीं रे, लुंछणां लीयो केम ॥**
**नग्न बालक धवरावीये रे, घरे मत फरो तेम ॥२४॥**

साजन आवे तो तेने मलवुं नहीं. ज्यारे मलवानो निषेध थयो त्यारे तेनां लुंछणां के उवारणां तो लेवायज केम? बालकने धवराववुं होय तो नग्न करीने धवराववुं, अर्थात् तेना अंग उपर वस्त्र रहेवा न देवुं. घरमां चोतरफ फरवा करवुं नहीं.

**मत बेसजो माथुं गुंथवा रे, मत घालजो तेल ॥**
**नावुं न धोवुं सिंदूर सेंथो रे, मस्तक उलवुं मेल २५**

माथुं गुंथवा बेसवुं नहीं, तेमज तेल पण माथामां नाखवुं नहीं. न्हावानुं तथा धोवानुं त्यजी देवुं अने सेंथामां सिंदूर न भरवो तथा माथुं पण न ओलवुं.

**ऋतुवंती हाथे जल भरी रे, देरासरे जो आवे ॥**
**समकितबीज पामे नहीं रे, फल नारकीनां पावे ॥२६॥**

ऋतुवंती नारी जो हाथमां पाणी लइने देरासरे जाय तो समकितनुं बीज तेने प्राप्त थाय नहीं, माटे एवी स्त्रीए पवित्र देरासरमां पग पण मूकवो नहीं. छतां जो कोइ देरासरे आवे तो तेने नारकीनां दुःखो सहन करवां पडे.

**नव क्षेत्रमें रज खालनी रे, नारी वशे अजाणे ॥**
**लुंडण झुंडण ने सापिणी रे, पापिणी होये प्राणे ॥२७॥**

जे नव क्षेत्रो पवित्र कह्यां छे, तेमां रुतुवंती नारीथी अजाणतां रज पमी जाय तो ते पापिणी नारीने प्राण जतां कुंमण, जुंमण के सापिणीनो अवतार लेवो पमे छे.

रुतुवंती यात्राए चालतां रे, मत बेसजो गाडे ॥
संघतीर्थ फरस्यां थकां रे, पमशो पाताल खाडे ॥ २७ ॥

रुतुवंती नारीए यात्रार्थे जती वखते गामामां न बेसवुं, अने जो एवी स्थितिमां कोइ संघतीर्थने स्पर्श्यां तो जाणजो के पातालना खामे पमवुं पडशे; अर्थात् बहु अशातावेदनीय कर्मो जोगववां पमशे.

चोवीश प्होर एकांतमां रे, चोथे दिन नावुं धोवुं ॥
पुरुष बीजो नव पेखवो रे, मुख दर्पणमां न जोवुं ॥ २ए ॥

चोवीश प्होर एटले त्रण दिवस रजस्वला बाइए एकांतमां रहेवुं, चोथे दिवसे न्हाइ धोइ पवित्र थवुं, परपुरुषने जोवो नहीं तेमज दर्पणमां मुख पण न जोवुं.

मूत्र छांटे पावन गायनुं रे, घरमां सहु ठामे ॥
लीपे घूंपे धोवे दिन चोथे रे, जोजन रांधवा पामे ॥ ३० ॥

चोथे दिवसे घरमां बधे गोमुत्र छांटवुं, कारण के ते बहु पवित्र लेखाय छे, अने तेना वमे अशुद्धिनो नाश थाय छे. ते उपरांत घरमां लींपण करी बधे शुद्धि करवी जोइए. आटलुं कर्या पछी ते बाइ रसोमामां जइ रसोइ करी शके.

दर्शन पूजा दिन सातमे रे, जिनजक्ति करवी ॥
व्रत पच्चरकाण वखाण सुणो रे, पुण्य पालखी जरवी ३१

सातमे दिवसे ते बाइ जिनमंदिरमां जवाने माटे योग्य बनी शके; अर्थात् सातमे दिवसे जिनभक्तिनो अधिकार तेने प्राप्त थाय. ते पहेलां नहीं. व्रत पच्चख्खाण करवां तथा व्याख्यान सांभलवुं ते सातमा दिवसे करी शके. पुण्यनी पालखी भरवी होय तोपण तेने माटे आ सातमो दिवसज योग्य गणाय.

**सोल शणगार सजी भला रे, आवे भरतार पासे ॥**
**गर्भ अनुपम उपजे रे, संपूर्ण नव मासे ॥ ३२ ॥**

आवी नारी सोले श्रृंगार सजी पोताना पति पासे आवे. आवी रीतनी विधिने मान आपनारी स्त्रीने पेटे जे गर्भ रहे ते अनुपम थाय, अने बराबर नव मासे सुंदर संताननी प्राप्ति थाय.

**दिन सोलमे ऋतुवंतीनो रे, गर्भ उपजवा काल ॥**
**चोथे दिवसे गर्भ उपजतां रे, अल्पायुष लहे बाल ३३**

ऋतुवंती नारीने सोलमे दिवसे गर्भ उपजवानो काल प्राप्त थाय छे. सोलमा दिवसने बदले जो चोथे दिवसे गर्भ रहे तो ते संतान बहु टुंकी मुदत सुधी जीवीने मरी जाय, अर्थात् अल्पायुषी थाय.

**षट आठ दश बार चौदमे रे, सोलमे दिवसे गाभ ॥**
**नंदन उपजे गुणनिलो रे, रूप रंग जशलाभ ॥ ३४ ॥**

छ, आठ, दस, बार, चौद अने सोलमे दिवसे अर्थात् बेकीना दिवसे जे गर्भ धारण थाय ते रूप--गुणमां अनुपम तथा यशस्वी थाय, एम बुद्धिमान् पुरुषोनुं मानवुं छे.

दोइ ऋाम रात्रे भोग तजो रे, वीर्ये उपजे बेटी ॥
दिवसनो भोग निर्बलो रे, भली रातनी भेटी ॥ ३५ ॥

रात्रीना बे प्रहर वीत्या पछी भोग करवो नहीं. दिवसे भोग करवानो तद्दन निषेध छे. रात्रीनो अवसरज योग्य गणाय छे. बे प्रहर पछी भोग करवाथी पुत्री उत्पन्न थाय, एम कहेवानो आशय होय तेम जणाय छे.

बारथी मांनी पचावन्ने रे, वर्षे जणे नारी ॥
नर चोवीश नारी सोलनी रे, सुत होय सुखकारी ॥३६॥

बार वर्षनी अंदरनी तथा पंचावन वर्ष उपरनी नारी साथे भोग करवो अनुचित छे, कारण के तेनाथी पुत्रोत्पत्ति थती नथी. नर चोवीश वर्षनो अने नारी सोल वर्षनी होय तो तेनाथी जे पुत्र उत्पन्न थाय ते बहु सुखकारी थाय.

पुरुष वीर्य बहु बेटनो रे, बेटी रक्ते वखाणुं ॥
सम भागे नपुंसक नीपजे रे, प्रभु वचने हुं जाणुं ॥३७॥

पुरुषनुं वीर्य वधारे होय तो पुत्र उत्पन्न थाय, अने स्त्रीनुं रक्त वधारे होय तो पुत्री उत्पन्न थाय; वीर्य अने रक्त उभय सम भागे होय तो नपुंसक संतान प्राप्त थाय; आ वात प्रभुना शब्दोमां होवाथी हुं तेने मानपूर्वक वखाणुं छुं.

मध्यम गर्भ होय रेवतीमां रे, जन्मे मूलक मूल ॥
श्रवणपंचक दस रोगथी रे, गर्भ फूल अनमूल ॥ ३८ ॥

रेवती नक्षत्रमां जो गर्भ रहे तो ते मध्यम थाय, मूल नक्षत्रमां जन्मे तो उत्तम थाय, अने जो श्रवणपंचकमां जन्मे तो

दश रोगथी पूर्ण थाय, अथवा तो गर्भनुं फूल अनमूल–मूल-विनानुं थाय.

**गर्भ जन्म अभीचीमां रे, पुत्र थाय तो कर्मी ॥**
**हस्त सूर्ययोगे जन्म भलो रे, सुत होय सुधर्मी ॥ ३९ ॥**

अभीची नक्षत्रमां बालक गर्भमां आवे तो ते पुत्र कर्मी थाय. हस्त नक्षत्रनी साथे सूर्ययोग थये छते जन्म थाय तो ते बहु सारो अने धार्मिक थाय.

**मंगलनो जन्म अश्लेषां रे, बेटी बहुत रीसाल ॥**
**पूनम मूल सूर्यवारनो रे, चटक्षो चोर छीनाल ॥ ४० ॥**

मंगलवारे अश्लेषामां जन्म थाय ते पुत्री बहु रीसाल थाय. मूल नक्षत्र अने सूर्यवार तथा पूर्णिमाने दिने पुत्र जन्मे ते लुच्चो, चोर के छीनालवो थाय.

**ज्येष्ठानुराधा रोहिणी विशाषा रे, मृग अश्विनी भरणी ॥**
**गर्भ पडे सुआवडे रे, पुरुष मेले कां परणी ॥ ४१ ॥**

ज्येष्ठा, अनुराधा, रोहिणी, विशाखा, मृगशर, अश्विनी अने भरणी नक्षत्रमां गर्भ रहे तो ते कां तो पडी जाय, अथवा सुवावडना वखतमां तेनो धणी स्त्रीने तजीने जाय ( अर्थात् मरण पामे ).

**गर्भ जन्म पूर्वा नक्षत्रमां रे, घणुं बालक ढीलो ॥**
**वादी प्रमादी उत्तरा तणो रे, विद्यावंत छबीलो ॥ ४२ ॥**

पूर्वा नक्षत्रमां जे बालक जन्मे ते घणो ढीलो बालक थाय.

उत्तरा नक्षत्रमां जन्मे ते .वादी किंवा प्रमादी अथवा सुंदर अने विद्यावंत थाय.

**पंच मासे नारीउं गर्न्नणी रे, मेले पुरुषनो संग ॥**
**दोष लागे ने बालक न्नांगे रे, न्नोग रोग प्रसंग ॥ ४३ ॥**

गर्न्न धारण कर्या पछी पांच मासे गर्न्निणी स्त्रीए पुरुषनो संग त्यागवो जोइए. छतां जे दंपती न्नोग करे ते न्नोग अनेक रोगने उत्पन्न करे, तेमज गर्न्नपातनो पण दोष लागे; कारण के पांच मास पछीना न्नोगथी गर्न्नने घणी इजा थवानो न्नय रहे छे.

**छठे मासे बालक आगरु रे, सातमे होये कोढ ॥**
**रांक तोले मास आठमे रे, नवमे जन्मतां पोढ ॥४४॥**

छठे मासे जे बालक जन्मे ते बहु लांबो वखत जीवे नहीं. सातमे मासे जन्मे ते कोढीउं थाय, आठमे मासे जन्मे ते दीन, दुःखी अने रोगीष्ट थाय तथा नवमे मासे जन्मे ते प्रौढ थाय.

**पंच बोले गर्न्ने उपजतो रे, न्नरतार विना साचुं ॥**
**पुरुषजोगे पन्नर न्नेदशुं रे, गर्न्न थावानुं काचुं ॥ ४५ ॥**

न्नरतार विना पांच न्नेदे करी गर्न्न रहेवानुं कह्युं छे अने पुरुषनो योग छतां १५ न्नेदे गर्न्न रहेतो नथी. आ पांच अने पंदर न्नेद कह्या ते गुरुगम्यथी अथवा शास्त्रोक्तथी समजी लेवा.

**पडवे ने छठ अगीआरशे रे, जन्म बालक न्नोलो ॥**
**बीज सातम ने बारस तणो रे, जन्म थाय तो गोलो ४६**

पम्वे, छठे के अगीआरशने दिवसे जन्म थाय तो ते

बालक बहु भोलो थाय, अने बीज, सातम के बारसने दिवसे जन्मे ते गोलो अर्थात् लुच्चो अने मूर्ख थाय.

**वली त्रीज आठम ने तेरशे रे, पुत्र होय सुभोगी ॥**
**चोथ चौदश पुत्र नवमीनो रे, करूवो क्रोधी रोगी॥४७॥**

त्रीज, आठम अने तेरशने दिवसे जे बालक जन्मे ते सारा भोग भोगववावालो थाय. चोथ, चौदश अने नवमीए जे पुत्र थाय ते करूवो, क्रोधी अने रोगी थाय.

**पांचम दशम ने पुनमनो रे, जन्म होय भाग्यशाली ॥**
**जन्म्यो अमासे तो उलटुं रे, मूर्ख महोटो ते हाली॥४८॥**

पांचम, दशम ने पुनेमने दिवसे जे पुत्र जन्मे ते बहु भाग्यशाली थाय, अने तेथी उलटी रीते अर्थात् अमासने दिवसे जन्मे ते मूर्ख थाय, एम समजवानुं छे.

**मीन लग्न मेष वृषनो रे, पुत्र धारजो गलीयो ॥**
**लग्न मिथुन कर्क सिंहनो रे, बुद्धिवान ने बलीयो ॥४९॥**

मीन, मेष अने वृष राशिमां जे पुत्र जन्मे ते गलीया बलद जेवो ढीलो थाय, अने मिथुन, कर्क अने सिंह राशिमां जन्मे ते बुद्धिवान् थयानी साथे बलवान् पण थाय.

**लग्न कन्या तूल वृश्चिकनो रे, पुत्र कुल मांहे दीवो॥**
**धन मकर लग्न कुंभनो रे, घणुं जशनामी जीवो ॥ ५० ॥**

कन्या, तूला अने वृश्चिक राशिमां जे पुत्र जन्मे ते कुलमां दीपक समान उज्ज्वल थाय अने आखा कुटुंबने अजवाले,

तेमज जे पुत्र धन, मकर अने कुंज राशिमां जन्मे ते घणो जशनामी तथा दीर्घायुषी थाय.

**सूर्य मंगलवारे जन्मीयो रे, बालक रोगीयो तापी ॥**
**शनि सोम शुक्र टाढो सदा रे, बुध गुरु ठे प्रतापी॥५१॥**

रविवारे अने मंगलवारे जे जन्मे ते रोगी तथा क्रोधी थाय, शनिवार, सोमवार अने शुक्रवारे बालक जन्मे ते शांत थाय, अने बुधवारे तथा गुरुवारे जन्मे ते महा प्रतापी थाय.

**पुत्र उदासी उद्वेगमां रे, लाज्ञामृत शुज्ञ वेला ॥**
**रोगे रोगी क्रोधी कालमां रे, चलमां चोकस चाला ५२**

उद्वेग चोघमीयामां जन्मे ते बालक उदासी थाय, लाज्ञ, अमृत अने शुज्ञ चोघमीयामां जन्म थाय ते बहु सारो लेखाय ठे, रोग चोघमीयामां रोगी अने काल चोघमीयामां क्रोधी तथा चल चोघमीयामां चोकस प्रकारना चाला करनारो पुत्र थाय.

**रांध्युं ज्ञोजन ऋतुवंती तणुं रे, जाणे लाडु सवाद ॥**
**ज्ञोग जोग माठा मले रे, रोग शोक प्रमाद ॥ ५३ ॥**

ऋतुवंती नारीए जे ज्ञोजन रांध्युं होय ते ज्ञोजनमां लाडु जेटलो स्वाद मानी जे मनुष्य आहार करे तेने अनेक प्रकारना माठा ज्ञोगोनो जोग प्राप्त थाय, तथा रोग, शोक अने प्रमादनो पण तेनामां पार न रहे.

**वेद पुराण कुरानमां रे, श्री सिद्धांतमां ज्ञाख्युं ॥**
**ऋतुवंती दोष घणो कह्यो रे, पंचांगे पण दाख्युं ॥५४॥**

वेद, पुराण तथा कुरानमां पण लख्युं ठे के ऋतुवंती नारी

साथे आप लेनो व्यवहार राखवाथी घणुं पाप लागे छे. आ वातने आपणा जैन सिद्धांतो तथा पंचागी पण टेको आपे छे.

पहेले दाहाडे चांडालिणी कही रे, ब्रह्मघातक बीजे ॥
धोबण त्रीजे चोथे दिवसे रे, शुद्ध नारी वदीजे ॥ ५५ ॥

ऋतुवंती नारीने प्रथम दिवसे चांडालणी जेवी समजवी, बीजे दिवसे ब्रह्मघातक जेवी समजवी अने त्रीजे दिवसे धोबण समान लेखववी. चोथे दिवसे न्हाइ धोइने शुद्ध थाय त्यारे पवित्र लेखववी.

डाकण साकण कामणना रे, मंत्र फाडशो खोटा ॥
देवनुं साधन अथ्थमशे रे, मत वालजो गोटा ॥ ५६ ॥

जो ऋतुवंतीनो संसर्ग राखशो तो डाकण, शाकण अने कामणना मंत्रो खोटा पाडशो अने कोइ देवनुं साधन हशे तो ते पण आथमी जशे, माटे ए बाबतमां गोटा वाळशो नहीं.

ऋतुवंतीनुं मुख देखतां रे, एक आंबिल दोष ॥
वातडी करतां रागनी रे, पांच आंबिल पोष ॥ ५७ ॥

ऋतुवंती नारीनुं मुख मात्र निरखवाथी एक आंबिलनुं प्रायश्चित्त लागे छे, अने रसपूर्वक एटले के जो होंशथी तेनी साथे वात करवामां आवे तो पांच आंबिल करवां जोइए. आटलुं प्रायश्चित्त शास्त्रमां कह्युं छे.

ऋतुवंती आसने बेसतां रे, सात आंबिल साचां ॥
छठ बार तास जाणे जम्या रे, नव गढ होये काचा ॥ ५८ ॥

ऋतुवंती नारीना आसन उपर बेसवाथी सात आंबिलनी आलोयण लेवी पडे छे, अने तेने भाणे जमवाथी बार उपनी आलोयण आवे छे अने शीयलना नव गढ कह्या छे ते शिथिल थइ जाय छे.

ऋतुवंती नारीने आभड्यां रे, छट्ठनुं पाप लागे ॥
वस्तु देतां लेतां अट्ठमनो रे, कहो केम दोष भागे ॥५९॥

ऋतुवंती स्त्रीने अडवाथी छठ्ठनुं पाप लागे छे, अने वस्तु आपवा लेवाथी अठ्ठमनो दोष आवे छे. आवो दोष कहो बीजी शी रीते दूर थाय ?

खाधुं भोजन नारी हाथनुं रे, भव लाखनुं पाप ॥
भोग जोग नव लाखनुं रे, वीर बोले जबाप ॥ ६० ॥

आवी नारीना हाथनुं जो भोजन करवामां आवे तो लाख भव पर्यंत संसारमां भ्रमण करवुं पडे, अने तेनी साथे भोग करवामां आवे तो नव लाख भव करवा पडे. आ वात वीर प्रभुए एक प्रश्नना उत्तरमां जणावी छे.

साधु साख नारी भोगथी रे, भोजन पाप अघोर ॥
नरक निगोदमां भव अनंता रे, कर्म बांधे कठोर ॥६१॥

साधु पुरुषनी साक्षीए एम कहीए छीए के एवी नारी साथे भोग करवाथी अने भोजन करवाथी अघोर पाप बंधाय छे, अने नरक-निगोदमां अनंता भव भमवा छतां तेनो छुटको थतो नथी, कारण के ते एवां कठोर कर्मो बांधे छे.

ऋतुवंती खातां ज्ञोजन वध्युं रे, ढोरने लावी नाखे ॥
जव बार ज्ञुंगा करवा पडे रे, चंड शास्त्रनी साखे ॥६२॥

चंड शास्त्रनी साक्षीए कहेवुं पडे ढे के ऋतुवंती स्त्रीना ज्ञाणामां जे ज्ञोजन वध्युं होय ते जो ढोर ढांखरने खावा देवामां आवे तो बार जव ज्ञुंगी रीते जमवा पके.

रजस्वला वहाणे समुडमां रे, बेसतां वहाण डोले ॥
ज्ञांगे कां लागे तोफानमां रे, माल वामे कां बोले ॥६३॥

रजस्वला बाइ जो वहाणमां बेसे तो ए वहाण पण फोलवा लागे ढे, अने कां तो वचमां ज्ञांगी जाय ढे के तेने तोफान लागे ढे, तेथी अंदरनो माल पाणीमां वामवो पके ढे अथवा वहाण डूबी जाय ढे.

लख जव जाण अजाणमां रे, लघु वरु जव आठ ॥
जव लाख ने बाणुं घातमां रे, एम शास्त्रनो पाठ ॥ ६४ ॥

उपर कह्यो ते दोष जो जाणतां थाय तो लाख जव अने अजाणतां पण थइ जाय तो नाना मोटा आठ जव करवा पके, अने एक लाख नें बाणुं घातो सहन करवी पके, एवो शास्त्रनो पाठ ढे.

धर्मवाली नारी नाइ धोइ रे, संगमें ज्ञोजन खाय ॥
पुत्ररत्न पामे संपदा रे, देवलोकमां जाय ॥ ६५ ॥

धर्मवाली बाइ चोथे दिवसे न्हाइ धोइने सौ साथे ज्ञोजन करे. आवी बाइने जे पुत्र थाय ते रत्न जेवो थाय अने बहु संपत्ति प्राप्त करे एटलुंज नहीं, पण एवी बाइ आयुष्य पूरुं थये देवलोकमां जाय.

**कमला राणी प्रभु वांदतां रे, बार लाख भव कीधा ॥**
**मालण फूल अटकावमां रे, लख भव फल लीधां ॥६६॥**

कमला राणी रुतुवंती हती त्यारे भूलथी तेणे प्रभुने वंदना कीधी. आथी करीने तेने बार लाख भव सुधी संसारअटवीमां परिभ्रमण करवुं पड्युं. एक मालणे एवीज स्थितिमां फूल वेच्यां, तेथी तेने एक लाख भव करवा पड्या.

**ढुंढ भणे फूटुं गुंबडुं रे, धर्माधर्म विरोध ॥**
**शास्त्र विना मते माचता रे, लहे नरक निगोद ॥ ६७ ॥**

ढुंढीआ लोको एम कहे छे के ए तो फुटेला गुंबडा जेवुं छे, तेथी ते धर्माधर्ममां विरोधरूप नथी, पण आम कहेनाराउं शास्त्रनी साक्षी विना पोताना मत प्रमाणे बोले छे. तेथी करीने तेउं नरक निगोदना अधिकारी थाय छे.

**एम सांभली रुतुवंतीनो रे, अधिकार आनंदे ॥**
**घर मांहे सावचेत राखजो रे, भाख्युं वीर जिणंदे ॥६८॥**

आ प्रमाणे रुतुवंती नारीनो जे अधिकार कह्यो छे, तेनुं आनंदथी बराबर मनन करी स्मरणमां राखवो अने ते प्रमाणे बहुज सावचेतीथी घरमां वर्त्तन राखवुं. ए प्रमाणे कहेलुं छे.

**निज धर्म पालवा नारीउं रे, भली सझाय भणजो ॥**
**धोल ग्रामे तपागछमां रे, श्रावक श्राविका सुणजो ॥६९॥**

पोतानो धर्म पालवानी रुचिवाली बाइए ए आ सझायनो सारी रीते अभ्यास करवो. आ सझाय धोल गाममां लखायेली

छे, तेथी ओळखनिवासी तप गछना श्रावक तथा श्राविकाउने संबोधीने कहे छे के हे बाइउ तथा ज्ञाइउ! आ सफाय सारी रीते सांज्ञलजो.

**संवत अढार पांसठमां रे, दीवाली लटकाली ॥**
**कहे खीमचंद शिवराजनो रे, करजो धर्म संज्ञाली १०**

आ सफाय संवत् १८६५ मां रची छे, अने प्रसंग पण दीवालीनो हतो. लखनार पोतानुं नाम आपतां कहे छे के हुं शिवराजनो पुत्र खीमचंद कहुं छुं के सौ कोइ पोतपोतानो धर्म बराबर संज्ञालीने पालजो.

## ॥ अथ छोतिज्ञास प्रारंज्ञः ॥ राग रामग्री ॥

॥ वीर जिनेश्वर पाय प्रणमीने, प्रणमीये शारद माय रे ॥ छोतिनिवारण ज्ञास ज्ञणेशुं, जेम पापमल जाय रे ॥ छोति निबांधी वंश न वाधे, धर्म कर्म नवि कोय रे ॥ एम जाणीने छोति निवारो, जेम वांछित फल होय रे ॥ छो० ॥१॥ जे हिंसादिक महामल छोति, ते लोपे जीव ज्योति रे ॥ ते तो टले तपानल तापे, जो दयारस व्यापे रे ॥ छो० ॥ २ ॥ छोति मूर्ति स्त्रीधार्मिणी जाणो, तेहनो ज्ञय घणो आणो रे ॥ जेहनो दोष दीसे निज नयणे, वली कह्यो जिनवयणे रे ॥ छो० ॥ ३ ॥ जेह छोति धातु-

रस फूटे, पीठ कणकवांक त्रूटे रे ॥ विकसी घाय तिम्हिक बहु लागे, गम्हगुंबरू रोग जागे रे ॥ ढो० ॥ ॥ ४ ॥ दीठे अंध होय नेत्र रोगी, षंढ होये संजोगी रे ॥ गंधे अन्नादिक कश्मल थाये, पापम्ही पम्ही धावलाये रे ॥ ढो० ॥ ५ ॥ बेम्ही बुडे जेहने संगे, जावा रंग उरंगे रे ॥ स्नानजले वेल वृक्ष सुकाये, फूल फल नवि थाये रे ॥ ढो० ॥ ६ ॥ एम जाणी बीजे घरे राखो, तेहशुं जाष म जाषो रे ॥ वस्तु वानी आजम्हवा न दीजे, दूर थकांज रहीजे रे ॥ ढो० ॥ ७ ॥ पुण्यवंत सुणो सविचारी, एह दोष होय जारी रे ॥ जुत्तवा तो उपवास करीजे, स्नान करी बोलीजे रे ॥ ढो० ॥ ८ ॥ बीजे दिन स्नान जब कीजे, तव वस्त्र जींजवीजे रे ॥ अवर वस्त्र धोयां पहेरीजे, जोजन निरस लीजे रे ॥ ए॥ जेणे जाजने जोजन कीजे, ते घर मांहे न लीजे रे ॥ केहने ते अडवा नवि दीजे, जूमि मांहे बूजीजे रे ॥ ढो० ॥ १० ॥ नदी सरोवरे स्नान न कीजे, तेह मांहे शोच न लीजे रे ॥ तेणे थाय अपवित्र पाणी, दुःख सहुनी खाणी रे ॥ ढो ० ॥ ११ ॥ त्रीजे चोथे दिन एम पालो, ढोति

पाप पखालो रे ॥ पांचमे दिन पवित्र होइ आवो, जेम पुण्यफल पावो रे ॥ छो० ॥ १२ ॥ जेम वन मांहे दवे जीव बले, तेम तिहां तेणे जले रे ॥ अण- गल नीर नवि खरचीजे, जीव यतन घणुं कीजे रे ॥ छो० ॥ १३ ॥ एम न राखे जे नर निज गोरी, तेह पापरथ घोरी रे ॥ एम न रहे जे नारी असारी, ते पामे दुःख जारी रे ॥ छो० ॥ १४ ॥ शाकिनी जेम कुटुंबने खाये, नरक मांहे ते जाय रे ॥ दुःख देखे ते त्यां अति घणां, छेदादिक वध बंध तणां रे ॥ ॥ छो० ॥ १५ ॥ सापिणी वाघणी रींछणी सिंहणी, श्यालिणी शुनी होय कागणी रे ॥ अशुद्ध योनिमां पछी दुःख पामे, जवोजव पातक ठामे रे ॥ छो० ॥ १६ ॥ एम जाणी राखे नर नारी, जेह रहे सवि- चारी रे ॥ ते सहु सुख जोगवे संसारी, पछी मुक्ति वरे नारी रे ॥ छो० ॥ १७ ॥ एम जाणी स्त्रीधर्म- मल टालो, निज मन मेल पखालो रे ॥ ब्रह्मशां- तिनी वाणी संजालो, निर्मलाचार व्रत पालो रे ॥ छो० ॥ १८ ॥ इति सझाय ॥

## ॥ अथ सूतकनी सझाय लिख्यते ॥

॥ देशी चोपाइनी ॥ सरस्वती देवी समरुं माय, सद्गुरुने वली लागुं पाय ॥ विचारसार ग्रंथथी कहुं, ते परमारथ जाणो सहु ॥ १ ॥ सूतक तणो हुं कहुं विचार, सांजलजो नर नारी सार ॥ जेने घेर जन्म थाय ते जाण, दश दिवसनुं कह्युं प्रमाण ॥ २ ॥ एटलो पुत्र जन्मनो सार, पुत्री जन्मे दिन अगीआर ॥ मृत्यु घरनुं सूतक दिन बार, ते घेर साधु न व्होरे आहार ॥ ३ ॥ ते घरनुं जल अग्नि जाण, जिनपूजा नव सूजे सुजाण ॥ एम निशीथचूर्णीमां कह्यो, ए तत्त्वार्थ गुरुमुखथी लह्यो ॥ ४ ॥ निशीथ सोलमे उद्देशे सार, ए महंत मुनि कहे अणगार ॥ जन्म तथा मरण घर जाणो सहु, डुगंछनिक गुरुमुखथी लहुं ॥ ५ ॥ एम व्यवहार जाष्यमां वली, जाषे सूधा साधु केवली ॥ मलयगिरिकृत टीका जाण, दश दिन जन्म सूतक परिमाण ॥ ६ ॥ हवे सांजलो जिनवाणी सार, एम जाषे सूधा अणगार ॥ विचारसार प्रकरणे सार, एम जाषे श्रीजिन गणधार ॥ ७ ॥ मास

एक प्रसवतीने धार, प्रतिमादर्शन न करे वि-
चार ॥ दिवस चालीश जिनपूजा सार, नहीं
करे स्त्री ए व्यवहार ॥ ८ ॥ साधु पण नव लीए
आहार, तिहां सूतके कहे अणगार ॥ तेना घरनां
माणस होय, जन्म मरणनुं सूतक जोय ॥ ए ॥ न
करे पूजा दिन बार ते जाण, समजी लेजो चतुर
सुजाण ॥ मृतकने अभकणहारा कह्या, चोवीश
प्होर ते साचा सह्या ॥ १० ॥ पमिक्कमणादिक न
करे जाण[1], एम जाखे जे त्रिजुवनजाण ॥ वेशना
पालटहारा कह्या, आठ प्होर ते साचा सद्दह्या
॥ ११ ॥ मृतक कांध देनारा जाण, अन्य ग्रंथथी
लेजो सुजाण ॥ सोल प्होर पमिक्कमणुं नव कह्यो[1],
ए जिन जाख्यो आगम लह्यो ॥ १२ ॥ जन्मनुं
सूतक दश दिन सार, जन्मने थानक मास वि-
चार ॥ घरना गोत्रीने दिन पांच, सूतक टाले गुरु
जाखे साच ॥ १३ ॥ जन्म हुउ तेहीज दिन मरे,
वली देशांतर फरतां मरे ॥ संन्यासी अनेरो मृत्युक
होय, सूतक दिन एक जाणो सोय ॥ १४ ॥ दास
दासी घरमां मृत्यु होय, दिन एक बे त्रणनुं सू-

१ मोढे बोलीने न करे, मौनपणे करी शके.

तक सोय ॥ आठ वर्षथी न्हानो मरे शिशु, तो दिन आठनुं सूतक इस्युं ॥ १५ ॥ ए जन्म मरणनुं सूतक कह्युं, अन्य ग्रंथमां एमज लह्युं ॥ वली विचारसार मांहे सार, एम नाखे छे श्री अणगार ॥ १६ ॥ ऋतुवंती नारी तणो विचार, त्रण दिन लगे जंम्रादिक सार ॥ नव बूवे कुलवंती नार, पडिक्कमणां दिन चार निवार ॥ १७ ॥ तपस्या करतां लेखे सही, दिन पांच पछी जिनपूजा कही ॥ वली स्त्रीने रोगादिक होय, दिवस त्रण उल्लंघ्या सोय ॥ १८ ॥ रुधिर दीठामां आवे सही, तेनो दोष नव जाणे कहीं ॥ विवेके करी पवित्र थाय नार, पछी जिनदर्शनथी लहे नवपार ॥ १९ ॥ एम जिनप्रतिमा पूजा करो, नवसायर लीलाए तरो ॥ वली साधु सुपात्रे दीजे दान, जेम पामो तमे स्वर्ग विमान ॥ २० ॥ जिनपमिमा अंगपूजा सार, न करे ऋतुवंती जे नार ॥ एम चर्चरी ग्रंथ मांहे विचार, ए परमारथ जाणो सार ॥ २१ ॥ वली नाख्यो सूतक विचार, नाखुं सद्गुरु तणे आधार ॥ तिर्यंच तणो लवलेशज कहुं, ते आगमथी जाणो सहु ॥ २२ ॥ घोमा नेंस उंट घरमां होय,

प्रसवे दिन एक सूतक जोय ॥ गाय आदिनुं मरण
जव थाय, कलेवर घरथी बाहिर जाय ॥ २३ ॥
एटली वेला सूतक होय, दास दासी कन्या घर
सोय ॥ जन्म होय के मृत्यु जाण, त्रण रातनुं
होय प्रमाण ॥ २४ ॥ जेटला मासनो गर्नज पडे,
तेटला दिवसनुं सूतक नडे ॥ नेंस विआयां दिन
पंदर दूध, ते मांहे तो कहीए अशुद्ध ॥ २५ ॥
गौदूधनुं कह्युं प्रमाण, दिवस दश जाणो गुण-
जाण ॥ छाली दिन आठ पछी ते दूध, ते पहेलां
तो कहीए अशुद्ध ॥ २६ ॥ गौमूत्र मांहे चोवीश
प्होर, संमूर्छिम जीव उपजे ते जोर ॥ सोल प्होर
नेंसनी नीत मांहे, संमूर्छिम जीव उपजे ते मांहे
॥ २७ ॥ द्वादश प्होर बकरीनी नीत मांहे, आठ
प्होर गाडर नीत ज्यांय ॥ एहमां संमूर्छिम उपजे
सही, एह वात गुरुमुखथी लही ॥ २८ ॥ ए सूतकनो
कह्यो विचार, थोडा मांहे नाख्यो सार ॥ सूतक
विचार आगममां कह्यो, जिनेश्वर मुखथी सूधो लह्यो
॥२९॥ सोहम शुद्ध परंपरा जाण, तेजे करी दीपे जेम
नाण ॥ अचलगछे वंदु अणगार, श्री पुण्यसिंधु

सूरीश्वर सार ॥ ३० ॥ जणे सांजले जे नर नार, पाले ते तो शुद्धाचार ॥ अनुक्रमे अमर विमाने सोहाय, रयणाजूषण धरी मुक्ते जाय ॥ ३१ ॥ संवत् उंगणीश ठीह्वोतरो सार, श्रावण कृष्ण पंचमी हितकार ॥ जखौ बंदर चोमासुं करी, चोपाइ सूतकनी कही स्थिर करी ॥ ३२ ॥ श्रावक श्राविका पाले जेह, श्री जिनआणाए चाले तेह ॥ सहु ऋद्धि सिद्धि तणां सुख सार, वली मुक्ति तणां सुख लहे निर्धार ॥ ३३ ॥ इति सूतकनी सज्झाय समाप्त ॥

॥ अथ रजस्वला स्त्रीना अधिकारनी गाथा ॥

जा पुप्फपवहं जाणी,–जण नहु संका
करेइ नियचित्ते ॥ ठिवइ अ जंडगाइ,
तथ्थय दोसा बहू हुंति ॥ १ ॥

अर्थः–जे पुष्पवती स्त्री जाणी करीने पोताना चित्तने विषे शंकाय नहीं, अने हांमलादिक ठामने आजडे, तेने घणा मोटा दोष लागे ॥ १ ॥

लछी नासइ दूरं, रोगायंतह वहंति

अणुवरयं ॥ गिहदेव य मुञ्चंति, तं गेहं
जे न वज्जंति ॥ २ ॥

अर्थः—तेनी लक्ष्मी दूर नासी जाय तथा रोग आतंक विषम अनिवारक थाय, अधिष्ठायिक देव तेनुं घर मूकी जता रहे. ए रीते आभडछेटवालानुं घर जे नथी मूकतो, तेने पूर्वोक्त वानां थाय ॥ २ ॥

जइ कहवि अणाभोगे, पुरिसे वि य छिवइ
नियमहिलाए ॥ एहायस्स होइ सुद्धी, इय
भणियं सव्वलोएसु ॥ ३ ॥

अर्थः—जो कदाचित् अजाणतो थको कोइ पुरुष ते स्त्रीने स्पर्श करे तो स्नान करवाथी शुद्धि थाय ए वात सर्व लोक मांहे कहेली छे ॥ ३ ॥

विहि जिणभवणे गमणं, घर पडिमा-
पूअणं च सज्झायं ॥ पुप्फवइ इत्थीणं,
पडिसिद्धं पुव्वसूरीहिं ॥ ४ ॥

अर्थः—विधिपूर्वक जिनभवनने विषे जावुं, घरमां देवपूजा करवी अने स्वाध्याय करवो, एटलां वानां पुष्पवती स्त्रीने पूर्वसूरिए निषेध्यां छे ॥ ४ ॥

आलोअणा न पढइ, पुप्फवइ जं तवं करे नियमा ॥ नविअ सुत्तं अन्नंता गुणइ तिहिं दिवसेहिं ॥ ५ ॥

अर्थः—पुष्पवती स्त्री त्रण दिवस सुधी गुरु पासेथी आलोयण लेवाने अर्थें पोतानुं पाप प्रकाशे नहीं, वली तपस्या न करे, नियम करे नहीं, सूत्र गणे नहीं. वली अन्य पण कांइ जाषण न करे ॥ ५ ॥

लोए लोउत्तरिए, एवंविह दंसणं समुद्दिठं ॥
जा जणइ नवि दोसा, सिद्धंत विराहगो सोउ ॥ ६

अर्थः—लोक मांहे तथा लोकोत्तर एटले जिनशासन मांहे उपर प्रमाणे कहेलुं छे. जे कहे छे के एमां दोष नथी, तेने सिद्धांतना विराधक जाणवा ॥ ६ ॥ इति समाप्त ॥

॥ अथ स्त्रीने शील पालवाना यत्किंचित् बोलो लखीए छीए ॥

१ पिता बांधव प्रमुख कोइ पण पुरुषनी कोटे वलगी मलवुं नहीं. २ कोइ परपुरुषने नवरावको नहीं. ३ कोइ परपुरुषनुं उवटणादिकथी अंगमर्दन करवुं नहीं. ४ कोइ परपुरुष साथे पत्रादिकथी खेलवुं नहीं. ५ कोइ परपुरुषनो छेडो पकडी वात

करवी नहीं. ६ कोइ परपुरुष साथे हसीने हाथताळी लेवी नहीं. ७ कोइ परपुरुषनी वेणी गुंथवी नहीं. ८ कोइ परपुरुषनां अंग चांपवां नहीं. ए कोइ परपुरुषना हाथनी पाननी बीमी लेवी नहीं. १० कोइ परपुरुष साथे एक शय्याए बेसवुं अने सुवुं नहीं. ११ वाटे शेरीए पुरुषना संघमां जवुं नहीं. १२ घोमा वगेरे आमश विनाना वाहन पर बेसवुं नहीं. १३ ज्येष्ठ, ससरो, सासु तथा सासरामां कोइ मोटेरानी साथे ठठ्ठाबाजी करवी नहीं. १४ कोइ परपुरुष साथे एकांतमां रहेवुं नहीं. १५ परपुरुषथी दृष्टि मेळावी सरागथी जोवुं नही. १६ कोइ परपुरुष साथे सांकेतिक ञाषाथी बोलवुं नहीं. १७ योगी, ञरमा अने ञिक्षाचरनी साथे ञाषण करवुं नहीं. १८ कोइ पुरुष देखे तेम वडीनीति लघुनीति करवी नहीं. १ए ज्यां पुरुष सुता होय, त्यां अनर्गल थइ फरवुं नहीं. २० पुरुष देखतां आलस मरमवी नहीं. २१ तेम शरीरना अवयव उघामा करी बताववा नहीं. २२ अत्यंत मिष्ट पदार्थ खावा पर प्रीति राखवी नहीं. २३ ञोजन अल्प करवुं. २४ मोटे स्वरथी हसवुं नहीं. २५ अजाणे घेर जवुं नहीं. २६ पीयर ऋाकुं रहेवुं नहीं. २७ घरनी वात कोइने कहेवी नहीं. २८ सासरानुं ऋव्य कपटथी पीयरीयाने आपवुं नहीं. २ए धीरा तथा नीचा स्वरथी बोलवुं. ३० अंग सर्व मंमित राखवुं. ३१ पोताना स्वामीनुं अपमान थाय त्यां जवुं नहीं.

| | | | | |
|---|---|---|---|---|
| श्रीचंद केवलीनो रास .... | .... | .... | | २—०—० |
| वीश स्थानकनो रास .... | .... | .... | | २—०—० |
| धर्मपरीक्षानो रास | .... | .... | .... | १—८—० |
| धनाशालीभद्रनो रास .... | .... | .... | | १—४—० |
| महाबल मलयासुंदरीनो रास | .... | .... | | १—०—० |
| हितशिक्षानो रास | .... | .... | .... | १—०—० |
| नर्मदासुंदरीनो रास | .... | .... | .... | ०—१२—० |
| वैराग्योपदेशक विविध पदसंग्रह .... | .... | | | ०—९—० |
| बहोंतेरी पदसंग्रह | .... | .... | .... | ०—५—० |
| प्रतिमाशतक भाषांतर.... | .... | .... | | ०—१२—० |
| जैनप्रबोध–अखुट स्तवनोनो संग्रह | .... | | | ३—०—० |
| सझायमाला–सझायोनो संग्रह .... | .... | | | २—८—० |
| लावणीसंग्रह | .... | .... | .... | ०—८—० |
| गहुलीसंग्रह .... | .... | .... | .... | ०—८—० |


पुस्तक मलवानुं ठेकाणुं

**श्रावक भीमसिंह माणेक,**

**जैनपुस्तको प्रसिद्ध करनार तथा वेचनार.**

मांडवी, शाकगली–मुंबइ.

Printed by Ramchandra Yesu Shedge, at the Nirnaya-sagar Press, 23, Kolbhat Lane, Bombay.

Published by Bhanji Maya for Bhimsi Maneck, 225-231, Mandvi, Sackgalli, Bombay.

अमारा तरफथी **जैनपंचांग** प्रति वर्षे नवा सुबोधक उत्तमोत्तम चित्र साथे बहार पडे छे.

अमारुं जैनपंचाग जैनपणानुं अभिमान धरावनार प्रत्येक गृहस्थे पोताना घरमां लटकावी राखवुं जोइए. वार्षिक जैनपर्वो तथा रात्रि दिवसनां चोघडीयां तेमज बीजी हकीकतोनो तेमां समावेश थाय छे. पंचांगनी सुंदरता तथा मनोहरता अपूर्व छे. ( किमत एक आनो. )

पर्वाधिराज पर्युषणना माटे सारां सस्तां भव्य भावनाथी भरेलां क्षमापनानां मारवाडी तेमज गुजराती भाषानां कार्डो तथा कंकोत्रीओ फेन्सी तेमज मनमोहक अमारे त्यां जथाबंध प्रकट थाय छे अने तद्दन कीफायत भावे वेचाय छे, माटे ग्राहकोए मगाववा कृपा करवी.

श्रावक भीमसिंह माणेक,

जैनपुस्तको प्रसिद्ध करनार तथा वेचनार.

मांडवी, शाकगल्ली–मुंबइ.